મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

G NEWS ગરવી તાકાત LIVE

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

૧૩-૦૬-૨૦૨૬
શનિવાર

વર્ષ : ૧૨ ★ અંક નં : ૫૬
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૨

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગળીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો




### જનહિતનાં કામો ઝડપથી પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવા અધિકારીશ્રીઓને તાકીદ કરતા જિલ્લા પ્રભારી મંત્રીશ્રી પ્રવિણ માળી

# જિલ્લા પ્રભારી મંત્રીશ્રી પ્રવિણ માળીના અધ્યક્ષસ્થાને મહેસાણા કલેક્ટર કચેરી ખાતે જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઈ

## જિલ્લામાં વિવિધ યોજનાઓ અંતર્ગત રૂ.૧૬૫૬ લાખના ૯૦૨ વિકાસ કામોને મંજૂરી અપાઈ







મહેસાણા જિલ્લા પ્રભારી મંત્રીશ્રી પ્રવિણ માળીના અધ્યક્ષસ્થાને અને પ્રભારી સચિવશ્રી રંજીથ કુમારની ઉપસ્થિતિમાં મહેસાણા કલેક્ટર કચેરી ખાતે વર્ષ ૨૦૨૬-૨૭ની જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં પ્રભારી મંત્રીશ્રીએ તમામ વિકાસના કામો સમયસર અને ગુણવત્તા સભર રીતે પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવા અધિકારી શ્રીઓને તાકીદ કરી હતી.

પ્રભારી મંત્રીશ્રીએ આ બેઠક દરમિયાન વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળના વિકાસકામો અંગે આયોજન અધિકારીશ્રી પાસેથી માહિતી મેળવી સમગ્ર જિલ્લામાં વિકાસકાર્યો હાથ ધરવામાં આવે તે માટે જરૂરી સૂચનો કર્યા હતા.

પ્રભારી મંત્રીશ્રીએ જિલ્લાનો ૨૦૩૫ સુધીનો રોડ મેપ તૈયાર કરવા, જિલ્લાની ૧૦૦ ટકા પ્રાથમિક શાળાઓમાં રેઈન વોટર હાર્વેસ્ટિંગ અને જિલ્લાની દરેક ગ્રામ પંચાયત ઓફિસ સોલાર રૂફટોપ આધારિત હોય તે માટે સૂચના આપી હતી તેમજ વર્ષ ૨૦૨૪-૨૫ના વિકાસ કામો ૪૫ દિવસમાં પૂર્ણ કરવા તાકીદ કરી હતી.આ ઉપરાંત, મંજૂર થયેલા વિવિધ વિકાસના કામો ઝડપથી પૂર્ણ કરવામાં આવે જેથી વિવિધ સુવિધાઓનો લાભ નાગરિકોને મળી શકે તેમ પણ તેમણે કહ્યું હતું.

આ તકે પ્રભારી મંત્રીશ્રી દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ અંતર્ગત ૧૫% વિવેકાધીન, ૫% પ્રોત્સાહક અને ખાસ પછાત વિસ્તારની જોગવાઈ તેમજ નગરપાલિકા વિવેકાધીન જોગવાઈ મળી રૂ.૧૬૫૬ લાખના ૯૦૨ કામો જિલ્લા આયોજન મંડળની બેઠકમાં મંજૂર કરવામાં આવ્યા હતા.

તદુપરાંત વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ અને 'આપણો તાલુકો, વાઈબ્રન્ટ તાલુકો - એ.ટી.વી.ટી.' જોગવાઈ અને સંસદસભ્યશ્રી જોગવાઈ સહિતનાં અન્ય બાકી કામો, મંજૂર થયેલા કામો, શરૂ ન થયેલા કામો અને પ્રગતિ હેઠળના કામો અંગે સમીક્ષા કરી તમામ કામો સત્વરે પૂર્ણ થાય તે દિશામાં પ્રયાસો કરવા પ્રભારી મંત્રીશ્રીએ અમલીકરણ અધિકારીઓને તાકીદ કરી હતી.

આ બેઠકમાં જિલ્લા આયોજન અધિકારી શ્રી એન.આર. મેકવાને જિલ્લામાં હાથ ધરાનારા વિવિધ વિકાસ કામોની વિગતવાર માહિતી પૂરી પાડી હતી.

બેઠકની શરૂઆતમાં જિલ્લા કલેક્ટરશ્રી એસ. કે. પ્રજાપતિ અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી અંચુ વિલ્સને પ્રભારી મંત્રીશ્રી, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી અને પ્રભારી સચિવશ્રીને પુષ્પગુચ્છ અને મોમેન્ટો આપી આવકાર્યા હતા.

આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી નીતિનભાઈ પટેલ, મહેસાણા મહાનગર પાલિકાના મેયર શ્રી સોનલબેન ઓઝા, લોકસભા સાંસદ શ્રી હરિભાઈ પટેલ, ધારાસભ્ય સર્વે શ્રી ડૉ. સી. જે. ચાવડા, શ્રી સરદારભાઈ ચૌધરી, શ્રી કિરીટભાઈ પટેલ, શ્રી સુખાજી ઠાકોર, શ્રી રાજેન્દ્ર ચાવડા, તાલુકા પંચાયત પ્રમુખશ્રીઓ, નગરપાલિકાના પ્રમુખશ્રીઓ, મ્યુનિસિપલ કમિશનર શ્રી શાલિની દુહાન, નિવાસી અધિક કલેક્ટરશ્રી મયંક પટેલ સહિત જિલ્લાના વિવિધ વિભાગોનાં અધિકારી ઓ ઉપસ્થિત રહ્યા હતા.

આયોજન મંડળની બેઠક બાદ પ્રભારી મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને જિલ્લા પોલીસ સલાહકાર સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વિશે સમીક્ષા કરવામાં આવી હતી.

## મહેસાણા ખાતે જિલ્લા પ્રભારી સચિવ શ્રી રંજીથ કુમારના અધ્યક્ષસ્થાને જિલ્લાની સર્વગ્રાહી સમીક્ષા બેઠક યોજાઈ



મહેસાણા કલેક્ટર કચેરી ખાતે જિલ્લા પ્રભારી સચિવ શ્રી રંજીથ કુમારના અધ્યક્ષસ્થાને અને જિલ્લા કલેક્ટર શ્રી એસ. કે. પ્રજાપતિની ઉપસ્થિતિમાં જિલ્લાની સર્વગ્રાહી સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં જિલ્લાના મહત્વના વિકાસ પ્રોજેક્ટ, પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ, જલ જીવન મિશન, પીએમ કિસાન યોજના, આયુષ્માન ભારત યોજના, આઈસીડીએસની કામગીરી, સ્કૂલ ઓફ એક્સેલન્સ પ્રોજેક્ટ, નિર્મલ ગુજરાત યોજના, માર્ગ અને મકાન વિભાગની કામગીરી, ડિઝાસ્ટર અને પ્રિ મોન્સુન એક્ટિવિટી, મહાનગરપાલિકામાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અને ડોર ટુ ડોર કલેક્શન કામગીરી, લોક ફરિયાદ નિવારણ, કાયદો અને વ્યવસ્થા સહિતની બાબતો સંદર્ભે વિસ્તૃત ચર્ચા - વિચારણા કરવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લા પ્રભારી સચિવ શ્રી રંજીથ કુમારે જણાવ્યું હતું કે જિલ્લાના વિવિધ ગામોમાં ઉપલબ્ધ સરકારી પડતર અને ખરાબાની જમીનનું સર્વે કરાવીને જિલ્લાના ગામોમાં ગામતળ નીમ કરવામાં આવે જેથી કરીને મકાન વિહોણાને ઘરથાળના પ્લોટ આપી શકાય. આ ઉપરાંત મહેસાણા મહાનગરપાલિકાની ડોર ટુ ડોર કચરા નિકાલની વ્યવસ્થાઓની સમીક્ષા કરી પ્રભારી સચિવશ્રીએ ગ્રામ્ય વિસ્તારમાં સ્વચ્છતા સંદર્ભે યોગ્ય પગલાં લેવામાં આવે અને શહેરની જેમ ગ્રામ્ય વિસ્તાર પણ સ્વચ્છ રહે તે જોવા અધિકારી ઓને સૂચિત કર્યા હતા.

વધુમાં પ્રભારી સચિવશ્રીએ જલજીવન મિશન અંતર્ગત જિલ્લાના દરેક ગામોના દરેક ઘર સુધી પૂરતા પ્રમાણમાં પીવાનું પાણી મળી રહે અને લોકોને પીવાના પાણી બાબતે કોઈ તકલીફ ન પડે તે સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું. ઉપરાંત પ્રભારી સચિવશ્રીએ રાજ્ય સરકારની વિવિધ સેવાઓ લોકોને સરળતાથી મળી રહે તે માટે તકેદારી રાખવા અધિકારીઓને તાકીદ કરી હતી.

આ બેઠકમાં મ્યુનિસિપલ કમિશનર શ્રી શાલિની દુહાન, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અંચુ વિલ્સન, નિવાસી અધિક કલેક્ટરશ્રી મયંક પટેલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી, પ્રાંત અધિકારી શ્રીઓ, જિલ્લા આયોજન અધિકારી શ્રી સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા

